## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
**સુરેશ પ્રા. ભટ્ટ**
99789-26251

*અમદાવાદ-ગાંધીનગર વીઆઈપી નાક છે,*
*અહીં સત્તા અને પદની તો ભયંકર ધાક છે.*
*હાક છે તેથી સ્તો અહીં આવતો નથી વરસાદ -*
*પાક છે પાપોનું છતાં કોરા રહેવાની તાક છે...*
*(કલીનચીટ ની ગાજવીજ)*

**હાઈકુ**

*પાટનગર*
*ઈન્દ્રદેવ કૃપાથી -*
*સાઈડ ટ્રેક...*
*(નર + ઈન્દ્ર દેવ છે ને!!)*

*અહીં વરસે -*
*વચનો નો વર્ષાદ*
*કરી લ્યો સ્નાન...*
*(સાંભળો ને ભિંજાવ)*

### ચિંતન

*ઐશ્વર્ય સ્વપ્નસંકાશં યૌવનં કુસુમોપમમ્ ।*
*ક્ષણિકં ચલમાયુષ્યં તસ્માજ્જાગૃહિ જાગૃહિ ॥*

**ઉપરોક્ત શ્લોક વૈરાગ્ય પ્રકરણમાંથી લેવામાં આવેલ છે.**

**ઐશ્વર્ય સ્વપ્નવત્ છે, યુવાની પુષ્પ જેવી છે, આયુષ્ય ક્ષણિક છે, માટે હે સાધક !! જાગી જા, જાગી જા...**

**ધન સંપત્તિ - કાયમી નથી પૂણ્ય ફળતાં હોય એટલો સમય માણસ ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે. ગ્રહોનું પરિવર્તન થતાં જ એ સ્વપ્ન તૂટે છે.**

**યુવાવસ્થાનો કાળ પૂર્ણ થયો નથી અને દેહની વિકૃતિઓ - રોગો જાગે છે અને યુવા શક્તિ ને હારનો સામનો કરવો પડે છે.**

**ક્ષણિક આયુષ્ય નાશવંત જ છે. માટે સાધક જાગૃત રહી આત્મ કલ્યાણ માટે પ્રયત્ન કરવો જોઈએ.**

### સુવિચાર

- જો તમે સ્વર્ગ અને નર્ક નહિ જોયું હોયતો સમજી લો કે ઉદ્યમ સ્વર્ગ છે અને આળશ નર્ક છે - **રોહિત શાહ**
- માનસિક પ્રસન્નતાનો પ્રભાવ તમારા શરીર,
  વસ્ત્ર અને નિવાસ્થાન ઉપર પડે તે રીતે જીવવાનો પ્રયત્ન કરો - **હર્બટ સ્પેન્સર**
- જેને મૌન રહેતા આવડતું નથી, એની વાણી બકવાસ બની જાય છે,
  અને જેને બોલતા નથી આવડતું એનું મૌન જડતા બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બધા સત્ય શોધ્યા પછી સરળતાથી સમજાઈ જાય છે,
  ફક્ત એને શોધવા જ અઘરા હોય છે - **ગેલિલિયો ગેલિલી**
- બાહ્ય ઓળખ ઈચ્છનારા લોકો નેતા નથી બની શકતા - **પવન અરોરા**
- તમારા જીવનની યાત્રામાં પ્રથમ પગલું જ સૌથી વધારે મહત્ત્વ ધરાવે છે,
  આ પ્રથમ પગલું જ બાકીની યાત્રા સુનિશ્ચિત કરશે - **ડો. કુમારપાળ દેસાઈ**
- આજનું ઔષધ : ચારોળી ને પાણીમાં વાટીને બળતરા કે ખંજવાળ વાળી જગ્યાએ લેપ કરવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જે હોશમાં હોય તે કદાપિ ધમંડનો પાલવ પકડવા તૈયાર નહીં થાય. કારણ કે એને ખબર છે કે ઘમંડ એ પતનનું પ્રવેશદ્વાર છે. વ્યક્તિ જેમ તુચ્છ તેમ તેનો ઘમંડ વધારે પ્રબળ. એક વખત પર્વત અને વાદળ વચ્ચે વિવાદ થયો. વાદળે કહ્યું, 'પર્વત, તારી મારી સામે તાકાત કેટલી ? હું ધારું તો આ ધરતીને જળબંબાકાર બનાવી તારાં મૂળ ઉખાડી નાખું.' પર્વતે કહ્યું, 'તું મને લેશમાત્ર હલાવી શકે, તો મને મરદ જાણું.' મેહના મનમાં ઘમંડે ઘમસાણ મચાવ્યું અને તોફાની વાયુની મદદ લઈને એણે અનરાધાર વરસવાનું ચાલુ કર્યું. સાત દિવસ અને સાતરાત સુધી વાદળ વરસતું જ રહ્યું. અંતે ખાલી થઈ ગયું. એણે વિચાર કર્યો કે હવે તો પર્વતને હાર માન્ય સિવાય છૂટકો જ નથી. સવારે વાદળ જોયું તો પર્વત પહેલાના જેવો જ મસ્તીભર્યો લાગતો હતો. પોતાની કાયાને વાદળનાં જળમાં પખાળી ને એ વધુ ચમકદાર બન્યો હતો. દંભનો પડદો ચિરાય છે અને દંભ અને દંભી બંનેનું પતન થાય છે. દાનવ હોય કે માનવ, સુર હોય કે અપ્સરા - ગર્વની પાંખે ઉડનાર સૌ કોઈએ પટકાવું પડે છે.

# શરિયત કોર્ટ કેટલી વાજબી

**તંત્રીસ્થાનેથી...**

ભારત પ્રજાસત્તાક લોકતંત્ર છે અને અહીં તમામ નાગરિકોને મૂળભૂત અધિકારો સમાન રીતે મળેલ છે. બંધારણ ધર્મ, જાતિ, લિંગ કે પ્રદેશના નામે કોઈ ભેદભાવ સ્વીકારતું નથી. આથી તમામ નાગરિકો પોતાની આગવી રીતે બંધારણે બક્ષેલ અધિકારો ભોગવી શકે છે. ભારતના દરેક નાગરિકને પોતપોતાની ધાર્મિક માન્યતા મુજબ વર્તવાનો અધિકાર છે. આ ધાર્મિક સ્વતંત્રતાનાં કેટલાંક મનઘડંત અર્થઘટન પણ થતાં રહે છે. મુસ્લિમો શરિયતના કાનૂનને વળગી રહેવા કૃતસંકલ્પ છે. આથી દેશમાં જેમ હિંદુ કોડ બિલ પસાર થઈ શક્તુંએમ 'કૉમન સિવિલ કૉડ'નું બિલ પસાર થઈ શકતું નથી. મુસ્લિમો બંધારણ કરતાં શરિયતને ઊંચા સ્થાને મૂકે છે. હિંદુઓએ મનુસ્મૃતિને બંધારણથી ઊંચી મૂકવાનો લેશ પણ પ્રયાસ ન કર્યો કારણ કે એમાં વર્ણવ્યવસ્થાનો સ્વીકાર કરાયેલ છે. મૂળભૂત રીતે હિંદુ જીવનશૈલી મનુસ્મૃતિને જ અનુસરે છે, પરંતુ કાળાંતરે એમાં પ્રક્ષિપ્ત હોય કે જે હોય તે - બંધારણમાં તો બદલાયેલા જમાના મુજબ માણસ માત્રને સમાન ગણવાની બાબત જ મહત્ત્વની હતી. ધર્મ પણ એ સમાનતાની આડે આવતો હોય તો કોરાણે મૂકી દેવાની ઉદારતા હિંદુ સમાજે તો અપનાવી લીધી અને આંબેડકર દ્વારા ડ્રાફ્ટ કરાયેલ બંધારણનો ઉમળકાપૂર્વક સ્વીકાર પણ કર્યો પરંતુ મુસ્લિમો શરિયતને જ વળગી રહ્યા, જેની ફળશ્રુતિ તરીકે હિંદુ-મુસ્લિમ વચ્ચેની ખાઈ વધારે પહોળી થવા પામી છે. શરિયતની મહત્તા સમજાવતી દલીલો થતી રહી છે. અને ઈસ્લામમાં સ્ત્રીના સંરક્ષણ માટે પૂરતી જોગવાઈ હોવાનું પણ કહેવાતું રહ્યું છે. એ રીતે જોઈએ તો હિંદુ સમાજમાં પણ બહુપત્નીત્વ હતું ત્યારે સ્ત્રીઓના યોગક્ષેમની જવાબદારી આખો પરિવાર બદલે સમાજ સ્વીકારતો જ હતો. છતાં હવે જયારે દેશને બંધારણ મળતું હોય ત્યારે એવા જૂના રીતરિવાજોને વળગી રહેવા કરતાં હિંદુ સમાજે હિંદુ કોડ બિલનો પૂર્ણ સ્વીકાર કર્યો છે. મુસ્લિમો 'તીન તલાક' અન એથી પણ ક્રૂર એવી સ્ત્રી ઉત્પીડનની બાબતો છોડવા તૈયાર નથી, કારણ કે એમને શરિયતની શરતો નડે છે. હવે તેઓ ઉત્તરપ્રદેશની જેમ દરેક રાજયમાં મુસ્લિમ પર્સનલ બોર્ડ દ્વારા પ્રસ્તાપિત શરિયત અદાલતો સ્થાપી મુસ્લિમોને દેશની પ્રસ્થાપિત ન્યાય પ્રણાલીથી વિખૂટા પાડવાની તૈયારી કરી રહ્યા છે. દેશનો પ્રત્યેક સમજદાર નાગરિક મનની કૉમન સિવિલ કોડની જ તરફેણ કરતો હોય ત્યારે સાંપ્રદાયિક રંગે રંગાયેગી શરિયત અદાલતો રચીને મુસ્લિમોને દેશના બહુમતી સમાજથી તદ્દન વિખૂટો પાડવા કેટલું ઉચિત છે, તે સમય જ કહેશે. આ પગલાથી નુકશાન દેશને જશે એથી વધારે ખુદ મુસલમાનોને જશે કારણ કે પેલી સતત પહોળી થતી જતી ખાઈ વધારે પહોંચી થશે.

# સંસ્કાર પરંપરા સાથેનું શિક્ષણ વિદ્યાર્થીઓને મળે...



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'છોકરાવને હવે રજાઓમાં પણ ઘરે જવાનું નથી ગમતું, કલ્પના ન કરી શકો એટલો સુધારો એમની જીવનશૈલીમાં થઈ ગયો છે.'

હિલ સ્ટેશન સાપુતારામાં મોડી સાંજે વહેલી ઠંડી હવાની લ્હેરખીઓ વચ્ચે સંસ્થાના ટ્રસ્ટી શ્રી દુર્લભજીભાઈ ગોયાણી આનંદ સાથે કહી રહ્યા હતા.

સંસ્થાના પ્રિન્સિપાલ ધનેશભાઈ ઉમેરતા કહે છે, 'છોકરાઓ એટલા ઉત્સાહથી જાણે છે કે એમને આનંદ થાય છે.' કેટલાક વાલીઓ એમને મળવા આવે ત્યારે એમની વાતોને સૂર એવા હોય કે ભલુ થજો સંસ્થામાં પરિવર્તન લાવનારનું... શહેર જેવી સુવિધા ધરાવતી આધુનિક શાળામાં ભણવાનું અમારા છોકરાવના નસીબમાં આવ્યું...

સાપુતારાની 'સાંદીપની વિદ્યા સંકુલ' સંસ્થામાં એ રાત્રીએ ભજનો અને હાસ્યરસનો કાર્યક્રમ હતો. દેશ-વિદેશના દાતાઓ અને મહેમાનો પધાર્યા હતા. અવસર હતો પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાના માર્ગદર્શનમાં કાર્યરત આ સંસ્થાના સંકુલમાં અનેક નૂતન સુવિધાઓના શુભારંભનો...

આદિજાતિ વિસ્તારમાં વાલીઓ પણ જાગૃત બન્યા છે. રાજય સરકાર સાથે વિવિધ ટ્રસ્ટો અને લોકભાગીદારી જોડાઈ છે અને પરિણામે પ્રાપ્ત થઈ રહ્યા છે ઉત્તમ પરિણામો.

થોડા વર્ષો પાછળ જઈએ તો, એ શુભ દિવસ હતો ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૧નો. જે દિવસે સાપુતારામાં મુખ્ય રસ્તાથી સ્હેજ દૂર આપેલી સરકારી શાળાનું સંચાલન સાંદીપની વિદ્યા સંકુલ સાપુતારાના પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાની પ્રેરણા અને માર્ગદર્શન સાથે લેવાયું. આરંભે બે વર્ગો હતા અને વિદ્યાર્થીઓની સંખ્યા હતી ૯૫, આજે ૨૦૧૮માં વર્ગની સંખ્યા ૭ અને વિદ્યાર્થી સંખ્યા ૪૦૬ છે. વર્ષ ૨૦૧૨-૧૩ મા હોસ્ટેલના પાંચ રૂમ હતા અને રસોડું જૂના મકાનમાં કાર્યરત હતું. દાતાઓના સહયોગથી એક પછી એક કામો હાથ પર લેવાતા ગયા. સંસ્થાનું નવિનીકરણ જ નહિ આધુનિકીકરણ થતું ગયું. તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ ડાઈનીંગ હોલ તથા સેમિનાર હૉલનું અને ૨૦૧૫-૧૬ મા ધોરણ ૧૧-૧૨ ની શાળા તથા હોસ્ટેલ અને શૌચાલયનું નિર્માણ કાર્ય કરાતું હતું. તાજેતરમાં ૧૫ જૂન ૨૦૧૮ના રોજ ધોરણ ૬ થી ૧૨ ની નવી શાખા, અદ્યતન કોમ્પ્યુટર લેબ, સ્માર્ટ કલાસરૂમ, અદ્યતન પુસ્તકાલય, સંગીત રૂમ, સીસીટીવી કેમેરા વગેરે જેવી વધુ સુવિધાઓનો ઉમેરો થયો શાળામાં.

વર્ષ ૨૦૧૫-૧૬માં એસ.એસ.સી ના પરિણામની ટકાવારી ૪૧.૩૮ હતી તે ૨૦૧૭-૧૮ માં ૬૩.૦૪ સુધી પહોંચી છે, એ જ રીતે એચ.એસ.સી.ની ટકાવારી ૩૩.૩૩ ટકા હતી તે ૭૮.૯૫ ટકા સુધી પહોંચી છે. આમ વિદ્યાર્થીઓમાં અભ્યાસ માટેની રૂચિ વધી અને પરિણામો પણ સારા આવી રહ્યા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સાંદીપની વિદ્યા સંકુલના નવનિર્મિત ભવનનું લોકાર્પણ મધ્યપ્રદેશના રાજયપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં કર્યું હતુ. મુખ્યમંત્રીએ મંદિરો નહીં પરંતુ શાળાઓની સમાજને વધુ જરૂર છે. તેવી ભાવના કેળવનારા પૂજ્ય ભાઈની કાર્યશૈલીને બિરદાવી હતી. વૃંદાવનના પૂજજય કાર્કિર્ણ ગુરુશરણાનંદજી મહારાજના સાનિધ્યમાં પૂજ્ય ભાઈએ ગુણવત્તાલક્ષી શિક્ષણના લક્ષ્ય સાથે આગામી દિવસોમાં સાંદીપની વિદ્યા સંકુલમાં નવા આયામો પ્રજાર્પણ કરવાની નેમ વ્યક્ત કરી હતી.

વિદ્યાર્થીઓના વાણી-વર્તન અને વ્યવહારમાં સ્વચ્છતા - સુઘડતા - શાલીનતા અને સંસ્કાર સ્મૃદ્ધિ છલકતા હતા, તો એમની સાથેની વાતચીતમાં એમને અહીં મળતી સુવિધાઓ અને અભ્યાસની તકો માટેનો આનંદ પણ અભિવ્યક્ત થયો હતો.

ગુજરાતના આદિવાસી બહુલ વસ્તી ધરાવતા જિલ્લાઓમાંનો એક એટલે પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ડાંગ ડિલ્લો. આ જિલ્લામાં આવેલું છે ગુજરાતનું એક માત્ર ગિરીમથક સાપુતારા. જંગલ, પર્વત, નદીને નાળા વચ્ચે પાંગરી છે એમની મનમોહક નોખી - અનોખી જીવનશૈલી...

એમની પ્રાકૃતિક જીવનશૈલીમાં હવે ઉમેરો થયો છે. શિક્ષણનો - આધુનિક ટેકનોલોજીનો અને સર્વાંગી વિકાસનો.

આદિવાસી વનબંધુઓની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસયાત્રા સાતત્યપૂર્ણ રીતે આગળ ધપી રહી છે.

આમ થવામાં ભારતીય સંસ્કૃતિના ધર્મ અને અધ્યાત્મ જગતના પૂજ્ય ભાઈ જેવા વ્યક્તિત્વની પ્રેરણા મળે અને એક શાળા સંકુલનો વિસ્તાર થાય ત્યારે સ્વાભાવિક એમાં સમાજની ભાગીદારી પણ જોડાય. સરવાળે સાત્ત્વિક - સત્યમય અને સંસ્કાર પરંપરા સાથેનું શિક્ષણ વિદ્યાર્થીઓને મળે... આવું થાય ત્યારે શૈક્ષણિક ક્ષેત્રે નૂતન દીવડાઓ પ્રગટે અને વિદ્યાર્થીઓનાં ચહેરા પર વિદ્યાના અજવાળા રેલાય.

# કુછ તો લોગ કહેંગે...






**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

આપણા વડીલોએ નાનપણમાં કહેલી જેટલી પણ સાદી - સરળ અને નાની નાની વાર્તાઓ કેટલી બધી સૂચક અને કાલજયી હતી તે, જેમ જેમ મોટા થતા જઈએ છીએ, તેમ તેમ સમજાતી જાય છે...

એક વ્યક્તિ ખબે ઘેટું લઈને નીકળ્યો, અને ઘેટાનું કૂતરું કરી કરીને લોકોએ તેને છોડાવી દીધું... એક બાપ દીકરો જયારે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા ત્યારે બાપ ઘોડા પર અને દીકરો નીચે ચાલતા ચાલતા જઈ રહ્યા હતા... આ વાર્તા પણ આપણે જાણીએ છીએ... માટે જ વિસ્તારમાં નથી જવું... પરંતુ બંને વાર્તામાં એક જ મુખ્યસાર છે કે, લોકો તો ઘેટાનું કૂતરું અને વાતનું વતેસર કરવામાં જ ઈચ્છુક હોય છે...

હવે તો ફેસબુક અને ટ્વિટર જેવા પંચાય કરવાના ચોતરા પણ મળી ગયા છે, એટલે બસ લગે રહો... જી હા ! વાત કરવી છે 'સંજુ' પિકચરની. એક તરફ આ પિકચર માત્ર એક જ સપ્તાહમાં ૨૫૦ કરોડની ઉપર બિઝનેશ કરીને ટોપ બૉલીવુડ પિકચરની લાઈનમાં પહોંચી ગયું છે, જયારે બીજી તરફ 'સંજુ' ને લઈને સોશિયલ મીડિયામાં અઢળક નકારાત્મક સંદેશ પણ ફરી રહ્યા છે...

રખે ને ! માનતા કે આ લેખ રાજકુમાર હિરાનીના કે સંજય દત્તના કોઈ સ્પોક્સમેન દ્વારા લખાઈ રહ્યો છે. પિકચરની આવા કોઈ સ્ટ્રેટેજીના ભાગરૂપે છે, 'સંજુ' પિકચરને આવા કોઈ માર્કેટીંગની જરૂર બીલકુલ નથી એ સર્વવિદિત છે...

આ લેખ રણબીર કપૂરના સુપર્બ પરફોર્મન્સ માટે પિકચરના દરેક પાત્રની તનતોડ મહેનત અને અદ્ભૂત અભિનયની સરાહના માટે છે. એ પછી 'કમલી' ના રૂપમાં વિકી કૌશલ હોય કે પછી 'ગોડ'ના રોલમાં જીમ સરભ હોય, 'સુનિલ દત્ત' બનેલા પરેશ રાવલ કે પછી બે - કે ત્રણ જ સીનમાં આવીને પણ છવાઈ જનાર 'નરગીસ' મનીષા કોઈરાલા હોય. કોઈએ અભિનયમાં જરાય કચાશ આવવા દીધી નથી...

ફિલ્મમાં એક સેકન્ડ માટે પણ 'રણબીર કપૂર' એ 'રણબીર કપૂર' લાગતો નથી. પહેલા સીનથી છેલ્લા સીન સુધી તે માત્ર 'સંજુ' - સંજય દત્ત જ લાગે છે, અને આ જ ફિલ્મનું જમા પાસું છે.

યાદ રહે 'ભાગ મિલ્ખા ભાગ' સુંદર હતી, ફરહાનનો અભિનય કાબિલેદાદ હતો... પરંતુ મિલ્ખા સિંહને આપણામાંથી મોટા ભાગનાએ નજીકથી જોયા નહોતા, હસીના પાર્કર બનેલી શ્રદ્ધા કપૂર ભલે સુંદર અભિનય કરતી હોય પરંતુ કદાચ વાંચ્યુ જ હશે, નજરોનજર તેમની હિલચલાની ઝીણવટ ભરી ચીકાશ આપણે નથી નિહાળી... એટલે આપણે માની લઈએ કે મિલ્ખા સિંહ, આવા જ હશે.

પરંતુ સંજયદત્ત હજી ફિલ્મોમાં આવે છે, તેની અલગ-અલગ કોન્ટ્રાવર્સીના કારણે મીડિયામાં આવતો રહે છે. મુન્નાભાઈનું લોકપ્રિય પાત્ર તો નાના બચ્ચાઓમાં પણ પ્રસિદ્ધ છે... માટે આપણે બધા જ બિલોરી કાચ લઈને રણબીર કપૂરને અભિનયના ત્રાજવે તોલવા બેસીએ તેમાં મીનમેખ નથી.

અને આથી જ રણબીર કપૂર માટે સૌથી કપરું કાર્ય હતું. અને ફિલ્મ રિલીઝ થયા પહેલા થયું પણ તેવું જ હતું. ઘણા બધા માંધાતાઓએ રણબીર કપૂરને આ રોલ આપવા બાબતે રાજકુમાર હિરાનીની ઝાટકણી કાઢી હતી, અને આ બધા ટીકાકારોમાં વિધુવિનોદ ચોપડાનો પણ સમાવેશ થતો હતો... પરંતુ આજે સંજય દત્તની સામે વ્યક્તિગત વાંધો હોય તેવા અને કર્મશીયલી, ક્રિટીલી બધાએ એકીસૂરે 'સંજુ' માં રણબીર કપૂરના અભિનયને વખાણ્યો છે...

પૃથ્વીરાજ કપૂર - રાજકપૂર - રિશીકપૂરના વારસાને બરોબર ગળથૂથીમાં ઉતારનાર રણબીર કપૂરના અભિનય માટે બરફી, રોકસ્ટાર, યે જવાની... તમાશા, અજબ પ્રેમકી ગજબ કહાની... જેવી અફલાતૂન ફિલ્મો પછી તો કોઈને શંકા ન જ હોય તે સ્વાભાવિક છે., પરંતુ આ જ રણબીર કપૂરે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને અલગ જ પ્રકારના વ્યક્તિત્વને ભજવવાનો સફળ પ્રયત્ન કર્યો છે...

તો સામા પક્ષે રાજકુમાર હિરાની જેવા ગુડી ગુડી હલકી ફુલ્કી ફિલ્મો બનાવનાર દિગ્દર્શક પણ આ ફિલ્મ બનાવવા માટે પોતાના કમ્ફર્ટ ઝોનની બહાર નીકળ્યા છે... બાયોપિક અને તેમા પણ એક ઈન્ટેન્સ વ્યક્તિત્વની બાયોપિક બનાવવાની સફળ ચેલેન્જ તેમણે પણ ઉપાડી લીધી છે...

ફિલ્મ માત્ર ઉપરના બે મુખ્ય પાત્ર રણબીપ કપૂર અને રાજકુમાર હિરાનીના અફલાતૂન ડેડીકેટેડ કાર્ય માટે પણ અચૂક સફફ જાત જ, પરંતુ અહીં તો ઉપરથી તેમાં સંજયદત્ત જેવા વિવાદાસ્પદ વ્યક્તિના જીવનની વાતનો તડકો છે., જે વાસ્તવનો ગેંગસ્ટર છે, તો 'મુન્નાભાઈ' પણ છે, 'ખલનાયક' છે અને 'સાજન' પણ છે... 'કાંટે', 'મુસાફિર' નો કોર્પોરેટ ગુંડો છે તો, 'ખૂબસૂરત' નો નિખાલસ સંજુ પણ છે. કુરુક્ષેત્રનો ઈન્સ્પેકટર છે તો 'મુન્નાભાઈ' પણ છે.

ખરેખર તો પબ્લિક તરીકે આપણે પોતે પણ હજી કન્ફયુઝ જ છીએ કે આ વ્યક્તિને કેવો ધારી લેવો ? 'મા' વગરના દીકરાની દયા ખાવી કે બોમ્બ બ્લાસ્ટમાં નામ ઉછળવા બદલ ટીકા કરવી. તેના શરાબીપણા માટે જુગુપ્સા કરવી કે ડ્રગના વ્યસનમાંથી હિંમતપૂર્વક છૂટવા માટે વખાણ કરવા... આપણે નક્કી નથી કરી શકતા... બસ ! આજ જિજ્ઞાસા સામાન્ય દર્શકને સિનેમા હૉલ સુધી ખેંચી લાવે છે...

હવે રહી વાત ફિલ્મની કથાની, તેની સત્યતાની કે પછી માત્ર સંજયદત્તના અભિગમથી જ ફિલ્મ દર્શાવવા વિશેની... તો તટસ્થ રીતે અહીં 'સંજુ' બનાવવામાં નથી આવી તે તો સત્ય છે જ.

ફિલ્મમાં ત્રિશલા (સંજય દત્તની દીકરી) નો ઉલ્લેખ નથી, કેન્સરમાં ગુજરી ગયેલી તેની પત્નીની વાત નથી... બોમ્બ બ્લાસ્ટના જેલવાસ દરમિયાન તેની નજીક આવેલી અને પછી પત્ની બનેલી રિયા પિલ્લાઈની વાત નથી. 'દાઉદ'નો કયાંય ઉલ્લેખ નથી અને ઉલ્ટું 'મુંબઈના લોકલ ગણપતિ ભક્ત ડૉનનો ઉલ્લેખ આવી જાય છે.'... કુમાર ગૌરવની કયાંક વાત નથી...

માન્યું કે આ બધી સત્ય હકીકત નજરઅંદાજ કરવામાં આવી છે, પરંતુ યાદ રહે કે આ 'સત્યનો પ્રયાગ' નથી કે ગાંધીજી તેમાં પોતે જેવા છે તેવા જ દર્શાવી દે. આ તો મારા તમારા જેવો સામાન્ય માણસ છે, કે જે પોતાની દાદ કે ખૂજલીના ડાઘ સામા માણસને ન દેખાય માટે આખી બાયનો શર્ટ પહેરીને આવે છે... તો શું થઈ ગયું - જે વ્યક્તિને 'રૉકી' થી લઈને 'મુન્નાભાઈ' સુધી સફર ખેડી ોય તેનું આખું જીવન અઢી કલાકની ફિલ્મમાં કેવી રીતે સમાવાય... અને તેવી જ રીતે માત્ર એક જ લેખમાં 'સંજુ' ની વાત પણ કેવી રીતે પૂરી થાય !!!

(ક્રમશઃ)

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ગુમનામીમાં રહેતી સેહમત આખરે લેખક સિક્કા સાથે વાત કરવા સંમત થઈ






**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

દેશપ્રેમના ઈન્જેકશન ન હોય. રાષ્ટ્રભાવનાનો એક ડોઝ આપ્યો અને એક વર્ષ ચાલે. દેશપ્રેમ તો લોહીમાં વણાયેલો હોવો જોઈએ. કોઈપણ રાષ્ટ્રનો પ્રાણ દેશના નાગરિકોની દેશદાઝ છે. જે દેશના નાગરિકોના લોહીમાં પેટ્રોઈટિઝમની ઉણપ હોય એ રાષ્ટ્ર ક્યારેય વૈશ્વિક નકશા ઉપર બુલંદ સ્થાન પ્રાપ્ત ન કરી શકે. સમસ્યાઓના બે સ્વરૂપ હોય. એક ભૌતિક સમસ્યા કે, જેને પ્રત્યક્ષ જોઈ શકાય. અને બીજી આંતરિક સમસ્યા, જેને માત્ર અનુભવી શકાય. ગરીબી, બેકારી, વસતીવધારા જેવી અનેક ભૌતિક સમસ્યા છે. આ સમસ્યાઓના ઉકેલ માટે પ્રયાસો થાય અને આ સમશ્યાઓનું કોઈ એક તબક્કે નિરાકરણ પણ આવી જાય. જ્યારે દેશદાઝની કમીની આંતરિક સમસ્યા છે. આ અત્યંત વિકરાળ સમસ્યા કહેવાય. આ સમસ્યાના દૂરગામી પરિણામો કોઈપણ રાષ્ટ્ર માટે ખતરનાક જ નીવડે. એક તબક્કે ગરીબાઈ, બેરોજગારી જેવી સમસ્યાઓ ચલાવી લઈ શકાય પણ દેશદાઝની કમી ક્યારેય ચલાવી ન લઈ શકાય. દેશપ્રેમ એક એવો એવરગ્રીન વિષય છે કે, કોઈપણ ક્ષેત્રમાં કોઈપણ દેશમાં સદાકાળ લોકોના હૃદયમાં હમેશા ધબકતો હોય છે. સિનેમા લોકલાગણીઓને ઝીલતું પ્રબળ માધ્યમ છે. મનોજકુમારથી માંડીને અમિતાભ બચ્ચન, આમિર ખાન, શાહરૂખ ખાન, અક્ષયકુમાર જેવા બોલીવુડના ઘણા કલાકારોએ રાષ્ટ્રપ્રેમના વિષય ઉપર ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. તાજેતરમાં દેશદાઝને સુપેરે પ્રસ્તુત કરતી ફિલ્મ 'રાઝી' રીલિઝ થઈ એ પહેલાં યુ ટ્યુબ ઉપર આ ફિલ્મનું ટ્રેલર લૉંચ થયાના ૨૪ કલાકમાં જ ૧૦ મિલિયનથી વધુ લોકોએ આ ટ્રેલર જોયું.

આલીયા ભટ્ટ અભિનિત 'રાઝી' ફિલ્મ થિયેટરોમાં ખૂબ ચાલી એની પાછળ આલીયાની દમદાર એકટિંગ કરતાં વધારે દેશદાઝથી ઠસોઠસ ભરેલુ આ ફિલ્મનુ કથાનક છે. મહિલા જાસુસના વાસ્તવિક કિરદાર ઉપર આધારિત આ ફિલ્મની વાર્તા હૃદયસ્પર્શી બની છે. વાસ્તવિક વાત ઉપરથી હરિન્દર સિક્કાએ 'કોલિંગ સેહમત' નામની નવલકથા લખી છે. રાઝી ફિલ્મ આ નકલકથા ઉપરથી બની છે. હરિન્દર સિક્કા ભારતીય નેવીના નિવૃત્ત અધિકારી છે. સિક્કા કારગીલ યુદ્ધ ઉપર સંશોધન કરતા હતા. સિક્કા તેમના સંશોધનના ભાગરૂપે આર્મીના એક ઓફિસર સાથે ચર્ચા કરતા હતાં ત્યારે સિક્કાને ભારતની રૉ સંસ્થાની એક મહિલા જાસુસની દિલધડક કામગીરી વિશે આર્મી ઑફિસરે વાત કરી. જો કે આ અધિકારીએ હરિન્દર સિક્કાને એ મહિલા જાસુસનુ નામ નહોતું આપ્યું. એમણે સિક્કાને કહ્યું કે, કાશ્મીરી એક છોકરીએ પાકિસ્તાની સેનાના એક આધિકારી સાથે લગ્ન કરીને ભારતીય સેનાને પાકિસ્તાન આર્મીના પ્લાન અંગે અગત્યની ગુપ્ત માહિતી આપીને કાબિલે તારીફ કામ કર્યું છે. આ ગુપ્ત માહિતીથી ભારતીય લશ્કરને ખુબ મહત્ત્વપૂર્ણ સફળતાઓ મળી છે. હરિન્દર સિક્કાને આ મહિલા જાસુસની વાતમાં રસ પડ્યો.

સિક્કા મહાપ્રયત્ને આ મહિલા જાસુસનુ સરનામું મેળવ્યું. જ્યાં અજ્ઞાતવાસમાં રહેતી હતી એવા પંજાબના નાનકડા ગામ મલેરકોટલા હરિન્દર સિક્કા પહોંચ્યા. પહેલાં તો આ મહિલા જાસુસે સિક્કા સાથે વાત કરવાનો જ નનૈયો ભણ્યો. સિક્કાની ખૂબ વિનંતી કર્યા પછી એ વાત કરવા તૈયાર થઈ. એણે સિક્કા સામે શરત રાખી કે, એ આ વાતચીત કોઈને નહીં કહે. સિક્કાએ કોઈને આ વાત ન કહેવાનું વચન આપ્યું. પછી આ મહિલા જાસુસે એની જીવનકથાના પાના સિક્કા સામે ખોલવાના શરૂ કર્યા.

હરિન્દર સિક્કાએ મહિલા જાસૂસને આપેલું વચન બરાબર નિભાવ્યું. એમણે નવલકથામા મહિલા જાસુસનુ નામ બદલીને સેહમત રાખ્યું. સેહમતનું ખરું નામ તો કોઈનેય ખબર નથી. દેશપ્રેમી પિતાએ ફુલ જેવી દીકરીને જાસૂસ બનાવી પાકિસ્તાન આર્મીના ઓફિસર સાથે પરણાવી. ભારતીય સેના માટે ખુફીયા જાણકારી મેળવવાની મસમોટી જવાબદારી સેહમતના નાજુક ખભા ઉપર વિશ્વાસપૂર્વક મુકી. સેહમતે એ કામ બખુબી નિભાવી જાણ્યું.

લગ્ન કરીને પાકિસ્તાન પહોંચેલી સેહમતે ચાલાકીપૂર્વક પાકિસ્તાન આર્મીના જનરલ યુસુફખાનના પૌત્ર-પૌત્રીઓનું ટ્યુશન કરવાનુ કામ પણ હાથમાં લીધું. જનરલ યુસુફ ખાનના ઘરેથી જ સેહમતને ભારતીય સેનાને ઉપયોગી એવી ઘણી મહત્ત્વની ખુફીયા જાણકારીઓ મળતી. એ સમયમાં ભારતીય નૌસેનાનો આઈએનએસ વિરાટ ઉપર બહુ મોટો દરોમદાર હતો. પાકીસ્તાનનો પ્લાન આઈએનએસ વિરાટને તોડી પાડવાનો હતો. સહેમતને યુસુફખાનના ઘરેથી જ આઈએનએસ વિરાટ ઉપર પાકિસ્તાની સેનાના આક્રમણ કરવાના પ્લાનની ખબર પડી. સહેમતે ભારતના આઈએનએસ વિરાટના સંદર્ભમાં ભારતીય સેનાને ગુપ્ત માહિતી વેલ ઈન એડવાન્સ પુરી પાડતાં આઈએનએસ વિરાટને ઊની આંચ ન આવી.

ભારત માટે જાસૂસી કામ કરતાં કરતાં સહેમતને તેના પાકિસ્તાની મિયા સાથે દિલથી મહોબ્બત થઈ ગઈ. સહેમતના પેટમાં પાકિસ્તાની આર્મી ઓફિસરનું ફરજંદ પનપતું હતું. જોકે આ દેશપ્રેમી મહિલા જાસુસે મહોબ્બતને તેની દેશ દાઝ - દેશપ્રેમમાં ક્યારેય આડે ન આવવા દીધી. ભારત આવીને એણે બાળકને જન્મ આપ્યો. સહેમતનો દીકરો મોટો થઈને ભારતીય સેનામાં ઓફિસર બન્યો. આજે તો સહેમત ખાન જન્નતનશીન થઈ ગઈ છે. એનો પુત્ર પણ ભારતીય લશ્કરમાંથી નિવૃત્ત થઈ ગયો છે. ત્યારે હરિન્દર સિક્કાએ તેનું વચન પાળીને સેહમત જીવી ત્યાં સુધી 'કોલિંગ સેહમત' પુસ્તક પ્રકાશીત ન કર્યું. ભારતીય રિસર્ચ એન્ડ એનાલિસીસ વિંગની આ મહિલા જાસૂસનુ નામ બદલીને સહેમતના નામે સિક્કાએ 'કોલિંગ સેહમત' નવલકથાની નાયિકા બનાવીને હિન્દુસ્તાનની આવામ સામે પ્રસ્તુત કરી. હરિન્દર સિક્કા દ્રઢપણે માનતા કે સહેમતની વાત જનતા સમક્ષ એટલા માટે મુકાવી જોઈએ કે દેશપ્રેમ અને દેશદાઝ દેશનો પ્રાણ છે. સહેમત જેવા અલભ્ય નગિના સમાન ચરિત્ર દેશની જનતા માટે આઈકોનિક પુરવાર થતાં હોય છે. 'કોલિંગ સેહમત' પુસ્તક કોઈ સનસનાટીભરી જાસૂસી કાલ્પનિક કથા નથી પણ 'રિયલ હિન્દુસ્તાની પર્લ'ને અભિવ્યક્ત કરતું અદભુત નજરાણું છે.

દેશભક્તિ અને દેશપ્રેમ રાષ્ટ્રીય દિવસો પૂરતો સિમિત રહે એવા દેશોના નાગરિકોની દેશદાઝ હાસ્યાસ્પદ બની જાય છે. ૧૫ ઓગસ્ટ કે ૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રભક્તિના ગીતો ગાઈને ત્રિરંગો ઝંડો લહેરાવીને બેસી રહેવા કરતાં પ્રતિદિન નાની નાની વાતોમાંથી દેશપ્રેમનો પ્રતિઘોષ આપતા જવાંમર્દો આ દેશમાં છે. ગમે ત્યાં કચરો ન ફેંકીને દેશને સ્વચ્છ બનાવવામાં યોગદાન આપવામાં આવે તો એ પણ દેશભક્તિનું જ કામ

અનુસંધાન પાના નં ૭ પર